# શુક્રવાર, તા.૨૨મી ઓગસ્ટ, ૨૦૨૫

**૩૦૫.અંદાજ સમિતિની બેઠકઃ**

**અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૫/૦૮/૨૦૨૫ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ-૨માં મળી હતી.** સમિતિની આ બેઠકમાં સમિતિએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મૂળ સાહિત્યની તા.૧૫/૦૭/૨૦૨૫ની બેઠકમાં અધૂરી રહેલ તપાસ હાથ ધરી હતી.

ઉક્ત તપાસ દરમિયાન સમિતિએ પી.એચ.સી. અને સી.એચ.સી. દવાખાના, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સબ-ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને મેડિકલ હોસ્પિટલ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર અને તેની કામગીરી, રાજયમાં સિકલસેલની બિમારી, ટીબીનો રોગ, તેની ટ્રીટમેન્ટ, ટ્રીટમેન્ટને લગતી ફોલોઅપ, નિ-ક્ષય મિત્ર યોજના અને ટીબીના દર્દીને આપવામાં આવતી પોષણ કીટ, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, નમોશ્રી યોજના, બ્રાઉન ફિલ્ડ અને ગ્રીન ફિલ્ડ સ્કીમ, પી.એમ.જે.વાય.યોજના તેમજ આરોગ્ય વિભાગને ફાળવવામાં આવેલ બજેટ તેના મહેકમ અને થયેલ ખર્ચમાં રહેલ વિસંગતતા વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

સમિતિની બેઠક બપોરના ૦૧-૪૫ કલાકે પૂરી થઇ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**ઈન્ચાર્જ સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**